# જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)
## ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)
## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
## જુ.કૃ.યુ., જામનગર- ૩૬૧૦૦૬
## તા. ૧૩-૧૦-૨૦૨૧ થી તા. ૧૭-૧૦-૨૦૨૧
## (#Azadi ka Uatsav-Amrit Mahotsav)

**જામનગર જીલ્લા કૃષિ હવામાન બુલેટીન નં. ૮૨(૨૦૨૧) તારીખ: ૧૨-૧૦-૨૦૨૧**

(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન)

### પાછલા અઠવાડીયાનું જામનગર નું હવામાન

| હવામાનપરિબળો | | |
|---|---|---|
| વરસાદ (મી.મી) | | ૦.૦- |
| મહતમ તાપમાન(સે.ગ્રે) | | ૩૩.૫-૩૫.૫ |
| લઘુતમ તાપમાન(સે.ગ્રે) | | ૨૫.૦-૨૬.૫ |
| ભેજ(%) | સવાર | ૮૦-૯૨ |
| | બપોરબાદ | ૬૬-૭૫ |
| પવનનીગતિ (કિમી/કલાક) | | ૩.૬-૪.૪ |

### હવામાન આગાહી

### ઉતરસૌરાષ્ટ્રખેતઆબોહવાકીયવિભાગ - જામનગર જીલ્લાની હવામાનઆગાહી


| તારીખ | દિવસ-૧ | દિવસ-૨ | દિવસ-૩ | દિવસ-૪ | દિવસ-૫ |
|---|---|---|---|---|---|
| પેરામીટર | ૧૩-૧૦-૨૦૨૧ | ૧૪-૧૦-૨૦૨૧ | ૧૫-૧૦-૨૦૨૧ | ૧૬-૧૦-૨૦૨૧ | ૧૭-૧૦-૨૦૨૧ |
| વરસાદ (મી.મી.) | ૦ | ૦ | ૦ | ૦ | 0 |
| મહત્તમ તાપમાન(સે.ગ્રે) | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૨ | ૩૨ |
| લઘુત્તમ તાપમાન(સે.ગ્રે) | ૨૬ | ૨૭ | ૨૬ | ૨૬ | ૨૬ |
| મહત્તમ ભેજ (%) સવાર | ૭૨ | ૬૧ | ૬૩ | ૬૧ | ૬૫ |
| લઘુત્તમ ભેજ (%) બપોરબાદ | ૫૦ | ૪૩ | ૩૩ | ૩૧ | ૩૦ |
| પવનની ગતિ (કિમી/કલાક) | ૯.૫ | ૧૨.૪ | ૧૫.૧ | ૧૫.૭ | ૧૬.૫ |
| પવનની દિશા (ડીગ્રી) | પૂર્વ | ઉત્તર | વાયવ્ય | પશ્ચિમ | વાયવ્ય |
| વાદળની સ્થિતિ | આંશિક વાદળછાયું | મુખ્યત્વે ચોખ્ખું | ચોખ્ખું | ચોખ્ખું | ચોખ્ખું |

નોંધ: આ આગાહી સમગ્ર જીલ્લાની સરેરાશ હોય છે એટલે તેને કોઈ પણ એક જગ્યા માટે લાગુ કરવી નહી.

ભારત સરકારશ્રીના હવામાન ખાતા તરફથી મળેલ હવામાન માહિતી અનુસાર અત્રેના ગ્રામીણ કૃષિ મૌસમ સેવા વિભાગ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જામનગર તરફથી જણાવવામાં આવે છે કે ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહાવાકીય વિસ્તારના

જામનગર જીલ્લામાં આગામી સપ્તાહ દરમ્યાન હવામાન મુખ્યત્વે ચોખ્ખું થી આંશિક વાદળછાયું રહેશે.

આગામી સપ્તાહમાં જામનગર જીલ્લામાં વરસાદનું પ્રમાણ નહીવત્ત રહેશે. આ સમય ગાળામાં મહત્તમ તાપમાન દિવસ દરમ્યાન ૩૧-૩૨ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૨૬-૨૭ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે. સવારના સમયે ભેજનું પ્રમાણ ૬૧-૭૨ % રહેશે તથા બપોરપછીના ભેજનું પ્રમાણ ૩૦-૫૦ % રહેવાની શક્યતા છે. પવનની દિશા મોટેભાગે વાયવ્ય-પૂર્વ તરફથી રહેવાની અને પવનની ઝડપ ૯.૨-૧૬.૫ કીમી/કલાક રહેવાની શક્યતા છે.





ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અજ રોજ ૧૨ ઓક્ટોબર, ૨૦૨૧ ના રોજ નૈઋત્યના ચોમાસાની વિદાય જાહે કરવામાં આવી છે.


## સામાન્ય કૃષિ સલાહ

- આગામી અઠવાડિયામાં જામનગર વરસાદ પડવાની શક્યતાઓ નહીવત્ત છે, જેથી પરિપક્વ થયેલા પાકોની લણણી કરવી અને શિયાળુ પાકોનું વાવેતર કરવાનું આયોજન કરવું.
- પરિપક્વ અવસ્થાએ મગફળી, બાજરો, તલ વગેરે જેવા પાકોના લણણી કર્યા ચોખ્ખું વાતાવરણ હોય ત્યારે હાથ ધરવા જોઈએ.
- વરાપના સમયે કપાસ, દિવેલા અને તુવેર જેવા પાકોમાં પુરક ખાતર આપવું.
- જંતુનાશક દવાઓ, ખાતરોનો છંટકાવ આકાશ ચોખ્ખું હોય ત્યારે જ કરવો.
- શિયાળુ પાકોના વાવેતર માટેનું પ્લાનિંગ કરવું જોઈએ, અને તેને અનુરૂપ જમીન તૈયાર કરવી જોઈએ.
- શિયાળુ પાકોનું વધારે વહેલું વાવેતર ન કરતા ૧૫ ઓક્ટોબર થી ૧૫ નવેમ્બર ની વચ્ચેના સમયગાળામાં જ કરવું જોઈએ, જયારે શિયાળાની શરૂઆત થાય.

| Planning for Rabi Crop Sowing | |
|---|---|
| ઘઉં | • ઘઉંના વાવેતર માટે જમીન તૈયાર કરવી.<br>• ટપક સિંચાય ની સગવડ હોય તો તેના દ્વારા જ પિયત આપવું જોઈએ.<br>• સારી ગુણવતા વાળા બીજ વાવેતર માટે એકઠા કરી લેવા જોઈએ.<br>• વાવેતર સમય અને બિયારણની જાત: વાવેતર સમયને અનુરૂપ જતો પસંદ કરવી જેવીકે<br>✓ વહેલી વાવણી (૧૦ નવેમ્બર પહેલા): જી.જે. ડબલ્યુ-૪૬૩<br>✓ સમયસર વાવણી (૧૫ થી ૨૫ નવેમ્બર: લોક-૧, જી. ડબલ્યુ -૩૬૬, ૪૫૧, ૪૯૬<br>✓ મોડી વાવણી: (૨૬ નવેમ્બર થી ૧૦ ડીસેમ્બર): જી.ડબલ્યુ-૧૭૩, ૧૧, લોક-૧૧<br>• વાવેતર અંતર: ૧૨ ઇંચ × ૧ ઇંચ અથવા પુંખીને (છાંટીને)<br>• બિયારણ દર : ૨૦ કિગ્રા પ્રતિ વીઘા (૫૦ કિગ્રા પ્રતિ એકર)<br>• રસાયણિક ખાતર: ડીએપી-૧૫ કિગ્રા + ફાડા સલ્ફર ૨ કિગ્રા + ન્યુટ્રીબીલ્ડ ઝીંક- ૨૦૦ ગ્રામ (પ્રતિ વીઘે)<br>• પૂર્તિ ખાતર: ૩૦ દિવસે યુરીયા- ૧૫ કિગ્રા પ્રતિ વીઘે<br>• નિંદામણ નાશક: ઉગ્યા પહેલા: પેન્ડીમીથીલીન ૫૦૦ મીલી થી ૧ લીટર + ગોલ-૧૦૦ મીલી (પ્રતિ એકર)<br>ઉગ્યા પછી: ૨-૪-ડી., અલગ્રીપ |
| ચણા | • ચણાના વાવેતર માટે જમીન તૈયાર કરવી.<br>• વાવેતર સમય: ઓક્ટોબર મહિનાના અંતમાં વાવેતર કરવું.<br>• બિયારણની જાત: ગુજરાત ચણા -૩ અને ગુજરાત ચણા -૫ જેવી વધુ ઉત્પાદન આપતી જાતો પસંદ કરવી.<br>• વાવેતર અંતર: ૧૮ ઇંચ × ૩ ઇંચ અથવા પુંખીને (છાંટીને)<br>• બિયારણ દર : ૧૦ કિગ્રા પ્રતિ વીઘા (૨૫ કિગ્રા પ્રતિ એકર)<br>• રસાયણિક ખાતર: ડીએપી-૧૫ કિગ્રા + ફાડા સલ્ફર ૨ કિગ્રા + ન્યુટ્રીબીલ્ડ ઝીંક- ૨૦૦ ગ્રામ (પ્રતિ વીઘે)<br>• પૂર્તિ ખાતર: ૩૦ દિવસે યુરીયા- ૧૫ કિગ્રા પ્રતિ વીઘે<br>• નિંદામણ નાશક: ઉગ્યા પહેલા: પેન્ડીમીથીલીન ૫૦૦ મીલી થી ૧ લીટર + ગોલ-૧૦૦ મીલી (પ્રતિ એકર) |
| જીરૂ | • જીરૂના વાવેતર માટે જમીન તૈયાર કરવી.<br>• વાવેતર સમય: ઓક્ટોબર મહિનાના અંતથી ઠંડીની શરૂઆત થયે વાવેતર કરવું.<br>• બિયારણની જાત: વાવેતર માટે ગુજરાત જીરૂ-૩ અને ગુજરાત જીરૂ-૪ નામની જાતોનું વાવેતર કરવું.<br>• વાવેતર અંતર: ૧૦ ઇંચ × ૩ ઇંચ અથવા પુંખીને (છાંટીને)<br>• બિયારણ દર : ૩ કિગ્રા પ્રતિ વીઘા (૭ કિગ્રા પ્રતિ એકર)<br>• રસાયણિક ખાતર: ડીએપી-૧૫ કિગ્રા + ફાડા સલ્ફર ૨ કિગ્રા + ન્યુટ્રીબીલ્ડ ઝીંક- ૨૦૦ ગ્રામ (પ્રતિ વીઘે) |

| | |
|---|---|
| | • **પૂર્તિ ખાતર:** ૩૦ દિવસે યુરીયા- ૧૦ કિગ્રા પ્રતિ વીઘે<br>• **નિંદામણ નાશક:** ઉગ્યા પહેલા: પેન્ડીમીથીલીન ૫૦૦ મીલી થી ૧ લીટર + ગોલ-૧૦૦ મીલી (પ્રતિ એકર) |
| ધાણા | • ધાણા ના વાવેતર માટે જમીન તૈયાર કરવી.<br>• **વાવેતર સમય:** નવેમ્બર મહિનામાં ઠંડીની શરૂઆત થયે વાવેતર કરવું.<br>• **બિયારણની જાત:** વાવેતર માટે અને ગુજરાત ધાણા-૨ જેવી ભલામણ કરેલ જાતોનું વાવેતર કરવું.<br>• **વાવેતર અંતર:** ૧૫ ઈંચ × ૩ ઈંચ અથવા પુંખીને (છાંટીને)<br>• **બિયારણ દર :** ૩ કિગ્રા પ્રતિ વીઘા (૭ કિગ્રા પ્રતિ એકર)<br>• **રસાયણિક ખાતર:** ડીએપી-૧૫ કિગ્રા + ફાડા સલ્ફર ૨ કિગ્રા + ન્યુટ્રીબીલ્ડ ઝીંક- ૨૦૦ ગ્રામ (પ્રતિ વીઘે)<br>• **પૂર્તિ ખાતર:** ૩૦ દિવસે યુરીયા- ૧૦ કિગ્રા પ્રતિ વીઘે<br>• **નિંદામણ નાશક:** ઉગ્યા પહેલા: પેન્ડીમીથીલીન ૫૦૦ મીલી થી ૧ લીટર + ગોલ-૧૦૦ મીલી (પ્રતિ એકર) |
| લસણ | • લસણ ના વાવેતર માટે જમીન તૈયાર કરવી.<br>• નવેમ્બર મહિનામાં ઠંડીની શરૂઆત થયે વાવેતર કરવું.<br>• વાવેતર માટે ગુજરાત લસણ-૩, ગુજરાત લસણ-૪, ગુજરાત જૂનાગઢ લસણ-૫ભલામણ કરેલ જાતોનું વાવેતર કરવું. |

| પાક પ્રમાણે કૃષિ સલાહ | |
|---|---|
| **મુખ્યપાક** | **કૃષિસલાહ** |
| ચોમાસું મગફળી | • પરિપક્વ અવસ્થાએ વહેલું વાવેતર કરેલ તથા ઉભડી પ્રકારની મગફળી ઉપાડવાની કામગીરી કરવી. |
| ચોમાસું કપાસ | • **ગુલાબી ઈયળના:** ગુલાબી ઈયળના મોનીટરીંગ માટે ૫ ફીરોમેન ટ્રેપ દર હેક્ટરે મુકવા, જો ૮-૧૦ ફૂદા એક ટ્રેપમાં જોવા મળે તો બ્યુવેરીયા બાસીયાના પાવડર ૧૦૦ ગ્રામ અને ૨૦ મિલી પ્રોફેનોફોસ પંપમાં મિક્ષ કરીને વરાપે છંટકાવ કરવો.<br><br>• વધુ વરસાદને કરને પાક નિષ્ફળ ગયેલ હોય તો અર્ધ-શિયાળુ પાકોના વાવેતરનું આયોજન કરવું. |
| દિવેલા | • વહેલું વાવેતર કરેલ પાકમાં પુરક ખાતર આપવું.<br>• **ઘોડિયા ઈયળ અથવા લીલી ઈયળ:** ઘોડિયા ઈયળ અથવા લીલી ઈયળ ના નિયંત્રણ માટે ડાયક્લોરોવોસ ૭૬ ઈસી ૧૦ મિલી અથવા મિથાઈલ ઓ ડેમેટોન ૨૫ ઈસી ૧૫ મિલી ૧૫ લીટર પાણીમાં નાખીને વરાપે છંટકાવ કરવો.<br><br>• પુરતી ખાતર આપીને વરાપના સમયે પાળા બાંધવા અને જરૂરિયાત મુજબ પિયત આપવું.<br>• વરાપે આંતરખેડ અને નિંદામણ કરવું. |
| બાજરો | • વરસાદી વાતાવણ પછી પરિપક્વ થયેલ ડુંડાની લણણી કરી સલામત સ્થળે સૂકામાં સૂર્ય તાપ નીચે સૂકવવા. |
| તુવેર | • **વંધ્યત્વનો રોગ:** તુવેરમાં સ્ટરીલીટી મોઝેક (વંધ્યત્વનો રોગ, કથીરી)ના નિયંત્રણ માટે પ્રોપરઝાઈટ ૫૭% ઈ.સી ૩૦-૪૦ મિલી/પંપ વરાપે છંટકાવ કરવો. |

| | |
|---|---|
| |  <br>• પુરતી ખાતર આપીને વરાપના સમયે પાળા બાંધવા અને પિયત આપવું.<br>• વરાપે આંતરખેડ અને નિંદામણ કરવું. |
| ચોમાસું ડુંગળી | • પુરક ખાતરનો જથ્થો સમયાંતરે આપવો.<br>• ડુંગળીમાં જાંબલી ધાબા અને સુકારાનો રોગ ન લાગે તે માટે ૧૫ દિવસના અંતરે મેન્કોઝેબ ૪૦ ગ્રામ અને કાર્બેન્ડાઝીમ ૨૦ ગ્રામ ૧૫ લીટર પાણીના પમ્પમાં નાખીને ૧૫ દિવસના અંતરે વરાપે છંટકાવ કરવા.<br>  |
| શાકભાજી પાકો | • વાવણીની કામગીરી જો બાકી હોય તો વરસાદ થયે પૂર્ણ કરવી.<br>• રોગીષ્ટ છોડને ખેતરમાંથી ઉપાડીને જમીનમાં દાટી દેવા જોઈએ.<br>• શાકભાજી પાકોને નિંદણ મુક્ત રાખવા જોઈએ.<br>• **પાન કોરીયુ:** વેલાવાળા શાકભાજી પાકમાં પાન કોરીયાનો ઉપદ્રવટાળવા માટે ૧૫ મીલી મીથાઈલ-ઓ-ડેમેટોન (૨૫ઈસી) અથવા ૧૫ મીલી ડાયમીથોએટ (૩૦ ઈસી) ૧૫ લીટરપાણીના પંપમાં નાખીને વરાપે છંટકાવ કરવો.<br> <br>• **થ્રીપ્સ:** મરચીના પાકમાં થ્રીપ્સના નિયંત્રણ માટે ૩૦ મીલીપ્રોફેનોફોસ ૧૫ લીટરપાણીમાં મિશ્રણ કરી છાંટવી. થ્રીપ્સનો વધુ ઉપદ્રવ હોય તો સ્પીનોસાડ અથવા સ્પીનેટોરમ દવા૭-૮મીલી પ્રતિ પંપ વરાપે છાંટવી.<br> <br>• **ફળમાખી:** ફળમાખીના નિયંત્રણ માટેએસીટામીપ્રીડ ૨૦ ટકા ૧૫ ગ્રામ દવા ૧૫ લીટર પાણીમાં ભેળવી વરાપે છંટકાવ કરવો.<br>• **લીલી ઈયળ:** ટામેટાના પાકમાં લીલી ઈયળનો ઉપદ્રવ વધુ જોવા મળે છે તેના નીયંત્રણ માટે ઈન્ડોક્ઝાકાર્બ ૨૫ ઈસી ૩૦ મિલી અથવા સ્પીનોસાદ ૪૫ ઈસી ૫ મિલી પ્રતિ પંપ વરાપે છાંટવી.<br>• રીંગણના પાકમાં જો ફળ અને ડોકાની ઈયળોનો ઉપદ્રવ હોય તો રીનાક્ષીપાયર ૧૮.૫ એસ.સી દવા ૫ મીલી ૧૫ લીટર પાણીમાં મીશ્ર કરીને વરાપે છંટકાવ કરવો.<br>   <br>• **પાનકથીરી:** શાકભાજી પાકોમાં પાનકથીરીનો ઉપદ્રવ જોવા મળે તો ફેનાઝાકવિન ૧૦ ઈસી ૧૦ મિલી અથવા ડાયફેન્યુરોન ૫૦ ડબલ્યુ પી ૧૫ ગ્રામ ૧૫ લીટર પાણીમાં પંપમાં નાખીને વરાપે છંટકાવ કરવો. |

| | |
|---|---|
| |    <br>• **સફેદ માખી અને લીલી:** ભીંડામાં સફેદ માખી અને લીલી પોપટીના નિયંત્રણ માટે લીંબોળીનુંતેલ ૫૦ મી.લી. અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્ક નુંદ્રાવણ ૫૦૦ મી.લી. અને ડાયફેનથાયુરોન ૫૦ ટકા વે.પા. ૧૬ગ્રામ દવાને ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને  વરાપે છંટકાવ કરવો. |
| પશુ | • યોગ્ય માત્રામાં આવશ્યક ક્ષાર / ખનિજ મિશ્રણ ચારા સાથે ભેળવીને પ્રાણીઓને આપવું આવશ્યક છે.<br>• પશુઓના રહેઠાણની જગ્યાની વ્યવસ્થિત સફાઈ રાખવી અને માખીઓના ઉપદ્રવથી બચવા ફિનાઈલ છાંટવું અથવા લીમડાનાં પાનનો ધુમાડો કરવો.<br>• પશુને ૬ થી ૮ કી.ગ્રા. સુકો અને ૧૫ થી ૨૦ કી.ગ્રા. લીલો ચારો આપવો. દુધાળા પશુઓને પ્રતિ લીટર દુધની ઊપજ હોય તેમને નિયમિત ૧ કી.ગ્રા. ફીડ + ૫૦ ગ્રામ ખનીજ તત્ત્વોનું મિશ્રણ આપવું.<br>• ઈતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથ્રીન અથવા એમીટ્રાલ ૨ મી.લી. એક લીટર પાણીમાં નાખીને છાંટવી. |

# District Agrometeorological Unit (DAMU)

## GraminKrushi Mausam Seva (GKMS)
## Krishi Vigyan kendra
## Junagadh Agricultural University
## Jamnagar-361006
## Date:13-10-2021 to 17-10-2021
## (#Azadi ka Uatsav-Amrit Mahotsav)

**Jamnagar District Agromet Advisory Service bulletin No. 82(2021) Date: 12-10-2021**

**(Issued jointly by Junagadh Agricultural University and India Meteorological Department)**

### Significant weather for the preceding week

| weather parameter | | |
|---|---|---|
| Rain fall (mm) | | 0.0 |
| Maximum temperature (˚C) | | 33.5-35.5 |
| Minimum temperature (˚C) | | 25.0-26.5 |
| Relative Humidity (%) | Morning | 80-92 |
| | Afternoon | 66-75 |
| Wind speed (Kmph) | | 3.6-4.4 |

### Weather forecasting for Jamnagar District


| Date / Parameters | Day-1 13-10-2021 | Day-2 14-10-2021 | Day-3 15-10-2021 | Day-4 16-10-2021 | Day-5 17-10-2021 |
|---|---|---|---|---|---|
| Rain fall (mm) | 0 | 0 | 0 | 0 | 0 |
| Maximum temperature (˚C) | 31 | 32 | 33 | 32 | 32 |
| Minimum temperature (˚C) | 26 | 27 | 26 | 26 | 26 |
| Relative Humidity-I (%) | 72 | 61 | 63 | 61 | 65 |
| Relative Humidity-II (%) | 50 | 43 | 33 | 31 | 30 |
| Wind speed (Km/h) | 9.2 | 12.4 | 15.1 | 15.7 | 16.5 |
| Wind Direction (deg.) | E | N | NW | NW | NW |
| Cloud cover (Okta) | Partly Cloudy | Mainly clear | Clear sky | Clear sky | Clear sky |

Note: Above forecast is the average situation of whole district not for one particular place.

Gramin Krishi Mausam Seva, Krishi Vigyan Kendra, Jamnagar and Indian meteorological department announce upcoming five days weather forecast of

Jamnagar district have Clear to Partly Cloudy weather forecasted for next five days.

Rain fall: In the next week no rainfall chances.
Temperature: Maximum and minimum temperature likely to be in range 31-32 °C and 26-27 °C, respectively.
Relative Humidity: The RH-I and RH-II is likely to be in the range of 61-72 % & 30-50 %, respectively.
Wind Direction and Speed: Direction and speed of wind is likely to be NW-E and 9.2-16.5 km/h, respectively.




**As per Blue line withdrawal of S-W monsoon, 2021 on entire Gujarat state on date 12th October, 2021**



## General Agricultural Advisory

- In next week no rainfall chances. So harvest the Kharif crop and planning for Rabi crop cultivation,
- Harvest the crop like groundnut, bajara and sesame at maturity stage if weather is clear.
- Apply the supplementary dose of fertilizer to crop like Cotton, Castor and Red gram.
- Spray pesticides and water-soluble fertilizers in clear weather condition.
- Carried out planning of Rabi crop sowing. On the basis of crop, prepare soil and carried out cultivation.
- Not plan to early sowing Rabi crop, sowing is occur at 15th October to 15th November at ideal date of Rabi crop sowing, when cold night is starting.

<table>
<tr><th colspan="2">Planning for Rabi Crop Sowing</th></tr>
<tr><td>Wheat</td><td>
• Prepare the soil for wheat crop cultivation<br>
• If drip irrigation facility available then cultivate wheat crop in drip irrigation.<br>
• Collect the wheat crop seed on the basis of requirement.<br>
• Sowing time and Variety: Select the variety on the basis of date of sowing like<br>
    • Early sowing: (before 10th November): GJW-463<br>
    • Timely Sowing: (15 to 25 November): Lok-1, GW-366, 496<br>
    • Late sowing: (26 November to 10 December): GW-173,11 and Lok-11<br>
• Spacing: 12 inch × 1 inch Or Broadcasting<br>
• Seed rate: 20 kg/ vigha (50 kg-Acre)<br>
• Basal dose Fertilizer: DAP- 15 kg + Sulfur 2 kg + nutribild zink- 200 gram (per Vigha)<br>
• Supplementary dose Fertilizer: After 30 Days Apply 15 kg Urea/Vigha<br>
• Chemical weed control: Before Germination: Pendimethalin 500 ml to 1 liter + Goal- 100 ml (per Acre)<br>
After Germination: 2-2-D, Algrip
</td></tr>
<tr><td>Chick pea</td><td>
• Prepare the soil for Chick pea crop cultivation.<br>
• Sowing time: Sowing can be carried out in ending of October month.<br>
• Variety: Select the high yielding variety like Gujarat chickpea-3 and Gujarat chickpea-5.<br>
• Spacing: 18 inch × 3 inch Or Broadcasting<br>
• Seed rate: 10 kg/ vigha (25 kg-Acre)<br>
• Basal dose Fertilizer: DAP- 15 kg + Sulfur 2 kg + nutribild zink- 200
</td></tr>
</table>

| | |
|---|---|
| | gram (per Vigha)<br>• **Supplementary dose Fertilizer:** After 30 Days Apply 15 kg Urea/Vigha<br>• **Chemical weed control:** Before Germination: Pendimethalin 500 ml to 1 liter + Goal- 100 ml (per Acre) |
| **Cumin** | • Prepare the soil for Chick pea crop cultivation.<br>• **Sowing time:** Sowing can be carried out in November month when cold night starting.<br>• **Variety:** Select the high yielding variety like Gujarat Cumin-3 and Gujarat Cumin -4.<br>• **Spacing:** 10 inch × 3 inch Or Broadcasting<br>• **Seed rate:** 3 kg/ vigha (7 kg-Acre)<br>• **Basal dose Fertilizer:** DAP- 15 kg + Sulfur 2 kg + nutribild zink- 200 gram (per Vigha)<br>• **Supplementary dose Fertilizer:** After 30 Days Apply 10 kg Urea/Vigha<br>• **Chemical weed control:** Before Germination: Pendimethalin 500 ml to 1 liter + Goal- 100 ml (per Acre) |
| **Coriander** | • Prepare the soil for Chick pea crop cultivation.<br>• **Sowing time:** Sowing can be carried out in November month when cold night starting.<br>• **Variety:** Select the recommended variety like Gujarat Coriander-2.<br>• **Spacing:** 15 inch × 3 inch Or Broadcasting<br>• **Seed rate:** 3 kg/ vigha (7 kg-Acre)<br>• **Basal dose Fertilizer:** DAP- 15 kg + Sulfur 2 kg + nutribild zink- 200 gram (per Vigha)<br>• **Supplementary dose Fertilizer:** After 30 Days Apply 10 kg Urea/Vigha<br>• **Chemical weed control:** Before Germination: Pendimethalin 500 ml to 1 liter + Goal- 100 ml (per Acre) |
| **Garlic** | • Prepare the soil for Chick pea crop cultivation.<br>• Sowing can be carried out in november month.<br>• Select the high yielding variety like Gujarat Garlic-3, Gujarat Garlic-4, Gujarat Junagadh Garlic-5. |

| **Crop wise Advisory** | |
|---|---|
| **crop** | **Advisory** |
| Kharif Groundnut | • At maturity stage harvest the early sowing or bunch type groundnut. |
| Cotton | • **Pink ballwarm:** Put the 5 pheromone trap per hector and monitor the trap, if 8-10 adult observe in trap then spray 100 gm Beauveria bassiana |

| | |
|---|---|
| | powder and 20 ml prophenophos mix in 10 liter of water in clear weather condition.<br> <br>• If crop is fail/ dry due to heavy rainfall then planning the resowing of other crop like half-Rabi crop. |
| Castor | • **semi looper and spodoptera:** For the control of semi looper and spodoptera spray dichlorovos 76 EC 10 ml or methyl o demeton 25 EC 15 ml mix in 15 liter water and spray alternate in clear weather condition.<br> <br>• Apply supplementary dose fertilizer and prepare bund in castor crop and also apply irrigation when required.<br>• Do inter culturing and weeding at Vapsa condition. |
| pearl millet | • After rainy period cut the mature ear head and sundry on safe place. |
| Red gram | • **Starility mosaic Virus:** Red mite infestation and spread Starility mosaic virus, for control them spray properzait 57% EC 30-40 ml/pump in clear weather condition.<br> <br>• Apply supplementary dose fertilizer and prepare bund apply irrigation when required.<br>• Do inter culturing and weeding at Vapsa condition. |
| Kharif Onian | • At clear weather condition apply Supplementary dose of fertilizer.<br>• For the control of purple blotch and fuserium wilt disease in kharif onion make 3 alternate spray of Mencozeb 40 gm and Carbendazim 15 gm in 15 litre of water at 10 days interval in clear weather condition.<br>   |

Vegetables

- Sowing operation is not carried then sowing operation carried out when sufficient rainfall received.
- Infected plants should be uprooted and buried in the soil.
- Keep vegetable crop weed free.
- **leaf Webber:**For the control of leaf Webber in fruit leafy vegetable spray 15 ml methyl-O-demeton (25 EC) Or 10 ml diamethoate (30 EC) in 15 liter of water in clear weather condition.



- **Thrips in chilli:**For the control of thrips in chilli, spray 30 ml profenophos in 15 litres of water. In case of heavy attack make spray of spinosad or spinetoram 7-8 ml per 15 liter of water in clear weather condition.



- **Fruit fly:**For the control of Fruit fly spray acetamiprid 20 % 15 gm per 15 liter water pump in clear weather condition.
- **Fruit borer:**In brinjal and tomato crops control of fruit borer, spray reenaxipayar @ 5 ml in 15 lit of water. In tomato crops control of fruit borer, spray indoxacarb 25 EC 30 ml or spinosad 45 EC 5 ml per pump mix in water and spray in clear weather condition.



- **Mite:**If mite infestation observe in vegetable then spray fenazaquin 10 EC 10 ml or diafenuron 50 WP 15 gm per 15 liter water pump and carried out alternate spray in clear weather condition.



- **Whitefly & jassids in Okra:**For control of whitefly &jassids in Okra, spray 500 ml of 5 % neem seed extract or 50 ml neem oil or acephate75

| | |
|---|---|
| | % SP@ 15 gm or imidacloprid 17.8 SL 3 ml/10 liter of water in clear weather condition. |
| Animals | • Spray phenyl in the animal shed to avoid flys and mosquitoes. Keep animal shed hygienic and clean to avoid flies and mosquitoes.<br>• Provide 6-8 kg good quality dry roughage with 15-20 kg green fodder to the animals. For milch animals, regularly follow schedule of 1 kg feed + 50 g mineral mixture per 2 liters of milk yield.<br>• Spray Deltamethrin or Amitraz 2 ml/litre of water for the control of tick. |